# ચોથો વાર્ષિક અહેવાલ
## ૨૦૦૨ - ૨૦૦૩

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION
तमसो मा ज्योतिर्गमय ।


## ગુજરાત વીજળી નિયંત્રક આયોગ
પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૯.

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

## ૨૦૦૨-૨૦૦૩ ના વર્ષ માટે
## ચોથો વાર્ષિક અહેવાલ

પ્રથમ માળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ

પ્રથમમાળ, નેપ્ચ્યુન ટાવર, આશ્રમરોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯.


૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ ૩૬ અન્વયેની આવશ્યકતા પ્રમાણે વર્ષ ૨૦૦૨-૨૦૦૩ માટે, આયોગ ચોથો વાર્ષિક અહેવાલ રજૂ કરે છે. ગુજરાત વીજળી નિયંત્રક આયોગે વર્ષ દરમિયાન કરેલ પ્રવૃતિઓનો સારાંશ.

જી. ડી. વ્યાસ

સચિવ

ગુજરાત વીજળી નિયંત્રક આયોગ વતી,

## સંસ્થાકીય માળખુ


આયોગ
સચિવ
શ્રી જી.ડી.વ્યાસ
આઈએએસ
નાયબ નિયામક
શ્રી એસ.એન. વસીટા
નાયબ નિયામક
શ્રી એન.બી. દવે
નાયબ નિયામક
શ્રી ડી.આર.પરમાર
નાયબ નિયામક
શ્રી આર.એચ.શાહ
નાયબ નિયામક
શ્રી બી.પી.કુંડલીઆ
હિસાબી અધિકારી
શ્રી જે.એસ.ત્રિવેદી
કાર્યપાલક
શ્રી ડી.આર.પરમાર
કાર્યપાલક
શ્રી આર.જે.પરમાર
કાર્યપાલક
શ્રી એન.એચ.પટેલ
કાર્યપાલક
શ્રી એન.બી.પટેલ
કાર્યપાલક
શ્રી ડી.ટી.શાહ

# ગુજરાત વીજળી નિયંત્રક આયોગ
# અમદાવાદ.
# વર્ષ ૨૦૦૨-૦૩ નો ચોથો વાર્ષિક અહેવાલ

૧. **પ્રસ્તાવના**

ગુજરાત સરકારે એના તા.૧૨ નવેમ્બર, ૧૯૯૮ના જાહેરનામા અન્વયે ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૧૭ હેઠળ ગુજરાત વીજળી નિયંત્રક આયોગ (ગુ.વી.નિ.આયોગ)ની રચના કરી છે અને ગુજરાત વીજળી નિયંત્રક આયોગે તા. ૧.૪.૧૯૯૯ થી એની કાર્યવાહી શરૂ કરી છે અને આ સાથે ચોથો વાર્ષિક અહેવાલ વર્ષ ૨૦૦૨-૨૦૦૩ ના રજુ કર્યા છે.

૨. **આયોગ અને તેનું સચિવાલય :**

૨.૧ **આયોગ :**

આયોગ અધ્યક્ષ અને બે સભ્યોનું બનેલું વૈધાનિક મંડળ છે.

વર્ષ ૨૦૦૨-૨૦૦૩ દરમ્યાન આયોગની રચના નીચે પ્રમાણે હતી.

**અધ્યક્ષ :**

જસ્ટીસ એસ.ડી. દવે તા. ૧-૪-૨૦૦૨ થી ૩૦-૯-૨૦૦૨

જગ્યા વણપૂરાયેલી તા. ૧-૧૦-૨૦૦૨ થી ૩૧-૩-૨૦૦૩

**સભ્યો :**

૧. શ્રી.બી.એમ.ઓઝા, સભ્ય - તા. ૧-૪-૨૦૦૨ થી ૩૧-૩-૨૦૦૩

૨. શ્રી.આર.કે.શર્મા,સભ્ય તા. ૧-૪-૨૦૦૨ થી ૩૧-૩-૨૦૦૩

૨.૨ **આયોગનું સચિવાલય**

વર્ષ દરમ્યાન શ્રી.એમ.ડી.માંકડ, આઈ.એ.એસ, સચિવ તરીકેનો હવાલો સંભાળ્યો હતો.

૨.૨.૧ **આયોગના સરળ કામકાજ અર્થે રાજ્ય સરકારે કુલ ૩૫ જગ્યાઓ મંજુર કરી હતી. આ ૩૫ જગ્યાઓમાંથી આયોગે ચાર કાર્યપાલક અને ચાર નાયબ નિયામકની નિયુક્તી કરી હતી. એક નાયબ નિયામક, બે કાર્યપાલક અને એક હિસાબી અધિકારીની જગ્યા પ્રતિનિયુક્તિથી ભરવામાં આવી છે. આમાંથી એક કાર્યપાલકે (૨૮-૧૧-૦૨ના રોજ) રાજીનામું આપેલ છે. આમ અધ્યક્ષ અને સભ્યો, સચિવ, અધિકારીઓ અને તાબાના કર્મચારી** વર્ગ સહિત આયોગમાં હાલ કામ કરતા કર્મચારીઓની કુલ સંખ્યા ૨૨ની છે.

૨.૨.૨ **કચેરી મકાન :**

આયોગે કચેરીના કાર્યાલય માટે અમદાવાદના આશ્રમરોડ પર આવેલ નેપ્ચ્યુન ટાવરનો પ્રથમ માળનો કબજો લીધો હતો અને તા. ૩૧-ઓગષ્ટ-૨૦૦૧ થી આ મકાનમાં એની કાર્યવાહી શરૂ કરી હતી.

૩. **આયોગની કાર્યવાહીઓ :**

૩.૧ ૧૯૯૮ના વીજળી નિયંત્રક આયોગ અધિનિયમનું પ્રકરણ-૫ થી રાજ્ય આયોગને નીચેની સત્તાઓ અને કાર્યવાહીઓ સોંપવામાં આવી છે.

(૧) પ્રકરણ-૩ની જોગવાઈઓને આધીન રહીને અધિનિયમની કલમ-૨૨(૧) અન્વયે રાજ્ય આયોગ નીચેની કામગીરીઓ બજાવશે, જેમ કે :-

(ક) કલમ ૨૯માં જોગવાઈ કર્યા પ્રમાણે યથા પ્રસંગ, જથ્થાબંધ, ભાર, ગ્રીડ અથવા છુટક વીજળી માટે વીજ દર નક્કી કરવા.

(ખ) કલમ ૨૯માં જોગવાઈ કર્યા પ્રમાણે પ્રવાહન સવલતોના ઉપયોગ માટે ચુકવવાપાત્ર વીજ દર નક્કી કરવો.

(ગ) રાજ્યમાં પ્રવાહન, વેચાણ, વિતરણ અને પુરવઠા માટે નિર્માણ કરતી કંપનીઓ, નિર્માણ કરતા મથકો અથવા અન્ય પ્રાપ્તિ સાધનો પાસેથી વીજળી પ્રાપ્ત કરવાના ભાવ સહિત પ્રવાહન ઉપયોગો અને વિતરણ ઉપયોગોની વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા વિનિયમિત કરવી.

(ઘ) આ અધિનિયમના ઉદ્દેશો અને હેતુઓ સિધ્ધ કરવા વીજ ઉદ્યોગોની પ્રવૃતિઓમાં સ્પર્ધા, કાર્યક્ષમતા અને અર્થવ્યવસ્થાને ઉત્તેજન આપવું.

૩. વિજળી નિયંત્રક આયોગ અધિનિયમની કલમ-૨૨(૨) અન્વયે પ્રકરણ-૩ની જોગવાઈઓને આધીન રહીને પેટા કલમ(૧)ની જોગવાઈઓની વિપરીત અસર સિવાય, રાજ્ય સરકારે તેના તા. ૨૦-૧૦-૯૮ના જાહેરનામા નં. જીએચયુ-૯૮-૫૬-ઈઆરસી-૧૨૯૮-જીઓઆઈ ૩૦ ૩(કે) અન્વયે સત્તાવાર રાજ્યપત્ર (ગેઝેટ)માં રાજ્ય આયોગને નીચેની કામગીરીઓ સોપી છે, જેમકે :-

(ક) રાજ્યમાં વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ અને પુરવઠા સંબંધી બાબતોમાં રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ખ) રાજ્યમાં વીજ પધ્ધતિની કામગીરી વિનિયમિત કરવી.

(ગ) વીજળીના પ્રવાહન, જથ્થાબંધ પુરવઠા, વિતરણ અથવા પુરવઠા માટે લાયસન્સ આપવા અને લાયસન્સોમાં સમાવવાની શરતો નક્કી કરવી.

(ઘ) રાજ્યમાં વીજ ઉદ્યોગોમાં રોકાયેલા અધિકૃત અથવા મંજૂરી અપાયેલ અન્ય વ્યક્તિઓ તથા પરવાનેદારોની કામગીરી વિનિયમિત કરવી અને કાર્યક્ષમ, કરકસરભરી રીતે અને સમન્યાય પધ્ધતિએ એમની કામગીરીમાં પ્રોત્સાહન આપવું.

(ચ) વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ, પુરવઠા અને ઉપયોગ, સેવા ગુણવત્તા અને યોગ્ય વીજ ખરીદી અને પ્રાપ્તિ પ્રક્રિયા વિચારવા માટે અન્ય સાથે સહકાર સાધીને પરિપ્રેક્ષ્ય આયોજનો અને યોજનાઓ ઘડવા પરવાનેદારોને જરૂરી બનાવવું.

(છ) રાજ્યમાં વીજ ઉદ્યોગ માટે ધોરણો સ્થાપવા તેમજ સેવાની ગુણવત્તા, સાતત્ય અને વિશ્વસનિયતા સંબંધી ધોરણો સ્થાપવા.

(જ) રાજ્યમાં વીજ ઉદ્યોગમાં ખાનગી ક્ષેત્રના સહયોગ માટે સ્પર્ધાત્મકતાને પ્રોત્સાહન ને તકો પૂરી પાડવી તેમજ ગ્રાહકોને ન્યાયિક વ્યવહાર સુનિશ્ચિત કરવો.

(ઝ) સલામતીના ધોરણો નક્કી કરવા અને પાલન કરાવવું.

(ટ) રાજ્ય વીજ નિતિ ઘડવા રાજ્ય સરકારને સહાય કરવી અને સલાહ આપવી.

(ઠ) વીજ નિર્માણ, પ્રવાહન, વિતરણ અને ઉપયોગ સંબંધી માહિતી એકત્ર કરવી અને નોંધવી.

(ડ) રાજ્યમાં વીજ ઉપયોગ માટે માંગણી અને ઉપયોગ અંગે માહીતી અને પૂર્વ ધારણા એકત્ર કરવી અને **પ્રસિધ્ધ** કરવી તથા આવી આંકડાકીય માહીતી એકત્ર કરવા અને **પ્રસિધ્ધ** કરવા પરવાનેદારો માટે જરૂરી બનાવવું.

(ઢ) રાજયમાં વીજ ઉધોગ સંબંધી અને સ્પર્શતી અસ્કયામતો, મિલ્કતો અને મિલ્કતના હિતનું વિનિયમન કરવું તેમજ જાહેર હિતની સલામતી માટે વીજ ઉધોગમાં પ્રવેશ અને છોડી દેવાની નિયંત્રણ શરતો પણ વિનિયમિત કરવી.

(ત) પરવાનેદારો અને વપરાશકારો વચ્ચે વિવાદ અને મતભેદો પર ન્યાય નિર્ણય આપવો અને લવાદ માટે નિર્ણય કરવો.

(થ) પર્યાવરણલક્ષી નિયંત્રક એજન્સીઓ સાથે સંકલન કરવું અને રાજ્યમાં વીજ ક્ષેત્રના યોગ્ય પર્યાવરણલક્ષી વિનિયમો અને ઉપયોગો માટે નીતિઓ અને કાર્ય પધ્ધતિઓ તૈયાર કરવી અને

(દ) રાજ્ય આયોગને મોકલેલ અન્ય કોઈ બાબત અંગે રાજ્ય સરકારને સહાય અને સલાહ આપવી.

૪. <u>રાજ્ય સલાહકાર સમિતિ :-</u>

૧૯૯૮ ના વીજળી નિયંત્રક આયોગોની અધિનિયમની કલમ-૨૪ ઉર્જા ક્ષેત્રમાં વાણિજ્યિક, ઉદ્યોગ, પરિવહન, કૃષિ, શ્રમ, ગ્રાહકો, બિન સરકારી સંગઠનોનાં અને શૈક્ષણિક તથા સંશોધન સંસ્થાઓનાં હિત રજુ કરવા ૨૧ કરતા વધુ નહિ તેવા સભ્યોની રાજ્ય સલાહકાર સમિતિ સ્થાપવા આયોગને સત્તા આપે છે. આ સંદર્ભે આયોગે ડીસેમ્બર-૨૦૦૨માં સલાહકારી સમિતિની રચના કરી છે.

સલાહકાર સમિતિના ઉદ્દેશો નીચેની બાબતો અંગે આયોગને સલાહ આપવાની છે.

(૧) નીતિ વિષયક મોટા પ્રશ્નો

(૨) પરવાનેદારો દ્વારા આપવામાં આવતી સેવાની ગુણવત્તા, સાતત્ય અને મર્યાદા સંબંધી બાબત

(૩) લાયસન્સદારોના લાયસન્સની શરતો અને જરૂરિયાતોનું પાલન

(૪) ગ્રાહક હિત સુરક્ષા અને

(૫) ઉર્જા પુરવઠો અને ઉપયોગો દ્વારા કામગીરીનાં એકંદર ધોરણો.

સલાહકાર સમિતિની છેલ્લી મીટીંગ તા. ૧૦-૫-૨૦૦૨ના રોજ રાખેલ હતી.

૫. <u>વર્ષ દરમ્યાન પ્રવૃતિઓ :</u>

૫.૧ વીજ ક્ષેત્રમાં બદલાતા વલણ સાથે તાલમેલ રાખવા અને વીજ ક્ષેત્રમાં વિકાસ સાથે આયોગના કર્મચારીઓને સંપર્કમાં રાખવા, ટેરી, ન્યુ દિલ્હી, એસ કી, હૈદરાબાદ, ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ એન્જીનીયર્સ, સેન્ટ્રલ પાવર રીચર્સ ઈન્સ્ટીટ્યુટ બેંગ્લોર, આઈઆઈટી મુંબઈ સેન્ટ્રલ ઈન્સ્ટીટ્યુટ ફોર રૂરલ ઈલેક્ટ્રીફીકેશન, હૈદરાબાદ, પાવર ફાઈનાન્સ કોર્પોરેશન લીમીટેડ નવી દિલ્હી વિગેરે જેવી સંસ્થાઓ/સંગઠનોનાં વિવિધ ઉર્જા ક્ષેત્ર સંબંધિત તાલીમ કાર્યક્રમોમાં કર્મચારીઓને નિયમિત મોકલવામાં આવ્યા હતાં.

૫.૨ ઈન્ડીયન એનર્જી પાર્ટનરશીપ પ્રોગ્રામ હેઠળ આયોગના માનનીય સભ્યશ્રીઓ તા. ૮ થી ૧૫ એપ્રિલ ૨૦૦૨ના સમયગાળા દરમ્યાન અમેરીકામાં પબ્લીક યુટીલીટી કમિશન ઓહીયો અને ન્યુજર્સી બોર્ડ ઓફ પબ્લીક યુટીલીટીની મુલાકાત લીધી હતી.

સદર પ્રોગ્રામ યુનાઈટેડ સ્ટેટસ એનર્જી એસોસીએશન (USEA) ના કારણે અને યુનાઈટેડ સ્ટેટ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID)ના સંયોજનથી વીજક્ષેત્ર બાબતના વિચારોની આપ-લે અર્થે યોજવામાં આવ્યો હતો. તેવી જ રીતે ઓહીયોનું પબ્લીક યુટીલીટી કમિશન અને યુનાઈટેડ સ્ટેટસ એનર્જી એસોસીએશન (USEA) ના પ્રતિનિધિ મંડળે ઓક્ટોબર-૨૮ થી ૩૧ ઓક્ટોબર-૨૦૦૨ દરમ્યાન આ જ પ્રોગ્રામ હેઠળ મુલાકાત લીધી હતી. આ સમય દરમ્યાન ચર્ચાઓ અને રજુઆતો કરવામાં આવી હતી. ગુજરાત વીજળી નિયંત્રક આયોગ દ્વારા ગુજરાત વીજક્ષેત્રે રસ ધરાવતા માલિકોની યુએસઈએ અને યુએસએડીની સહાય સાથે જુદા જુદા રસ ધરાવતા ધારકોની સાથે વિચારોની આપલે માટે મુલાકાતી પ્રતિનિધિ મંડળ સાથે મીટીંગ ગોઠવવામાં આવી હતી.

૬. <u>ટેરીફનો નિર્ણય :</u>

૬.૧. અમદાવાદ ઈલેક્ટ્રીકસીટી કંપનીની ટેરીફ અરજી

૬.૧.૧ વિજળી નિયંત્રક આયોગના અધિનિયમો પૈકી અધિનિયમ ૨૯ અન્વયે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના સિધ્ધાંતો પ્રમાણે ટેરીફનો નિર્ણય કરે છે. આ સિધ્ધાંતો અધિનિયમની કલમ ૨૯ (૨)માં સવિસ્તાર વર્ણન કરેલ છે.

૬.૧.૨ અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લીમીટેડ (એઈકું)એ ૧૮ ડીસેમ્બર-૨૦૦૦ના રોજ તેની અરજી રજુ કરી હતી. અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની લી એ ૧૯૧૦ના ભારતીય વીજળી નિયમોના અધિનિયમ-૩ હેઠળ પરવાનેદાર છે. અમદાવાદ ઈલેક્ટ્રસીટી કંપની લીમીટેડ, અમદાવાદ અને જીલ્લા વીજળી પરવાના ૧૯૪૪ હેઠળ અને ગુજરાત સરકારે પ્રસિધ્ધ કરેલ સુધારો જાહેરનામા ૨૭ મે ૧૯૬૯ વડે ગાંધીનગર રાજ્ધાની શહેર પણ એઈકુંના પરવાના હેઠળ વીજ પુરવઠાના સપ્લાય અર્થે લેવામાં આવેલ પરવાના હેઠળ આવરી લેવાયેલ વિસ્તાર અમદાવાદ શહેરનો ૨૯૩ ચો.કી.મી. છે અને રાજધાની શહેર ગાંધીનગરનો ૬૩ ચો.કી.મી છે. આમ કુલ ૩૫૬ ચો.કી.મી. છે.

૬.૧.૩ અરજીની ચકાસણી પછી આયોગે જાહેર જનતા પાસેથી જાહરે નોટીસ મારફત વાંધાઓ અને સૂચનો મંગાવ્યા હતા. સમાચાર પત્રોમાં આવેલી જાહેર નોટીસનાં પ્રતિભાવમાં આયોગે ૬૦ ગ્રાહકો અને ગ્રાહક સંગઠનો અમદાવાદ મ્યુ.કોર્પો, અને કન્ઝ્યુમર્સ એજ્યુકેશન રીસર્ચ સોસાયટી સહીત પાસેથી વાંધાઓ અને સુચનો સ્વીકાર્યા હતા, આયોગે કાળજીપૂર્વક તમામ વાંધાઓ અને સુચનો વિચાર્યા અને તમામ ૬૦ ગ્રાહકો અને ગ્રાહક સંગઠનોની ખુલ્લી અદાલતમાં સુનાવણી કરી હતી અને તમામ જુથોની સુનાવણી પછી પારદર્શક પ્રક્રિયા મારફત વિવિધ ગ્રાહકોની કક્ષાઓને લાગુ કરવાપાત્ર ટેરીફ માળખું સરળ બનાવતો અને ટેરીફ નક્કી કરતો આયોગે તા. ૫ સપ્ટેમ્બર - ૨૦૦૨ના રોજ અમદાવાદ ઈલેક્ટ્રીસીટી કંપની સંદર્ભે એવોર્ડ જાહેર કર્યો.

૭. <u>આયોગે આપેલ અન્ય હુકમો :</u>

૭.૧ ઉપરની બાબતો સિવાય આયોગે ૨૦૦૨-૨૦૦૩ ના વર્ષ દરમ્યાન નીચેના અગત્યના હુકમો પણ કર્યા હતા.

૧. ભાવનગર જીલ્લાના નાનાઉદ્યોગોના સંદર્ભે LTP- III ટેરીફ બાબત
૨. ખેતી ક્ષેત્રના ગ્રાહકો માટે ટેરીફની
૩. વધારાની દંડનીય ચાર્જ અને સમાંતર ઓપરેશન ચાર્જ
૪. ૨૪ કેવીએ ઉંચા દબાણના વીજ કનેકશનો માટે લાગુ કરવાની ટેરીફ બાબતનો નિર્ણય
૫. વ્હીલીંગ ચાર્જીસ બાબત (વહન ચાર્જ)
૬. ગ્રાહકો કે જેઓ કેપ્ટીવ પાવર પ્રોજેક્ટ
૭. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના ગ્રાહકોને જથ્થાબંધ વળતર
૮. જીઈબીના ખેતીક્ષેત્રના ગ્રાહકો માટેની ટેરીફ
૯. વ્હીલીંગ ચાર્જની વસુલાત અને જીઈબીની ખોટ

## ૮. કોમ્પ્યુટર અને સોફ્ટવેર :

આયોગની કાયદાકીય પાંખની લાયબ્રેરીને સુદ્રઢ બનાવવા માટે આયોગે "એસસીસી ઓન લાઈન" સોફ્ટવેર ઈર્સ્ટન બુક કું લી પાસેથી ખરીદેલ છે. સોફ્ટવેરમાં સુપ્રિમ કોર્ટે આપેલ બધા ચુકાદાઓ સામેલ છે અને એક વ્યક્તિ વપરાશ પરવાનો પણ સોફ્ટવેરની સાથે મેળવવામાં આવેલ છે અને સૌથી છેલ્લો ઓર્ડર સોફ્ટવેરમાં મળી શકે તેવી ત્રિમાસિક સુધારા વધારાની સુવિધા પણ વિક્રેતા પાસેથી મેળવવામાં આવી છે.

## ૯. આયોગની વેબસાઈટ :

આયોગે તેની વેબસાઈટ સુધારી છે અને આયોગની કચેરીમાંથી તેની જાળવણી શરૂ કરી છે. આ વેબસાઈટ પર સંસ્થાની વિગતો, વિનીયમો, આયોગ દ્વારા કરવામાં આવેલ માળખાની વિગતો, હુકમો તથા સુનાવણીના અનુસુચિ, અહેવાલો વિષે વિગતો તેમજ વીજ ક્ષેત્રની યુટીલીટીઝ મુજબ અન્ય રાજયના નિયંત્રક આયોગો અને રાજય તેમજ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગોની વિવિધ વેબસાઈટોની કડી આપેલ છે. આયોગની વેબસાઈટ www.gercin.org છે.

* ૬. ગ્રાહકો કે જેઓ કેપ્ટીવ પાવર પ્રોજેકટ ધરાવે છે તેમના વધારાના ડીમાન્ડ ચાર્જીસની વસુલાત અંગે